૭૮૬

રસૂલુલ્લાહ [illegible]એ ફરમાવ્યું

"ભલો તે (માણસ) છે જે બીજાથી નસીહત ગ્રહણ કરે"

ક્રિકેટરોને સંબોધન

યાને

ક્રિકેટની રહસ્યમય કહાણીનું મનુષ્ય જીવન સાથેનું અનુકરણ

* રચનાર *

મર્હુમ મવલાના ગુલામ મોહંમદ હાફેઝ સાદેક

* * છપાવી પ્રસિદ્ધ કરનાર * *

અબ્દુર્રહીમ ગુલામ મોહમદ સાદેક મેનેજર

કુતુબખાનએ સાદેકીયહ, રાંદેર જી. સુરત.

આવૃત્તિ બીજી — મુસ્લિમ ગુજરાત પ્રેસ, સુરત. — [illegible] ૫૦૦

૧૩૫૦ હી. — ૧૯૩૧ ઇ.

કીમત બે આના

ક્રિકેટરને સંબોધન

યાને

ક્રિકેટની રહસ્યમય કહાણીનું મનુષ્ય જીવન સાથેનું અનુસરણ

بسم الله الرحمن الرحيم

نحمده ونصلى على رسوله الكريم

આ ખુદા તારો શુકર હું કયા મોંથી કરૂં? તારી તારીફનાં ગીત કઈ ઝબાનથી ગાઉં. તારા મારા ઉપર અગણિત અને અપાર એહસાનો છે. ખાસ કરીને તેં મને આ સને ૧૩૧૨ હીજરીમાં તારા પવિત્ર મકાન (કાબા શરીફ) ની જ્યાંરત નસીબ ફરમાવી અને તારા પ્યારા બંદા, વલીએ કામિલ હાજી ઈમદાદુલ્લાહના સાંયામાં રાખ્યો. અને વળી મદીના શરીફની ઝિયારતથી મને માલામાલ કરી પાછો સહીસલામત માહે સફર હીજરી સને ૧૩૧૩ માં પાછો, ઘેર પહોંચાડી દીધો. હંમેશાં તું તારી મહોબત મને ઈનાયત

કર. અને તારા હુકમ મુજબ નેક રસ્તે ચાલવું મુજ જેવા નાલાયક કમતરીન ઉપર સહેલ (આસાન) કર અને તારા પ્યારા હબીબ મોહંમદ (સ.) ઉપર દરૂદ અને સલામ મોકલ્યા કર. આમીન.

ઓ મારા વહાલા દોસ્તો અને પ્યારા મિત્રો, તમારા માટે મારી આ શુભ સફરમાંથી શું ભેટ લાવું ? જે લાવું તે તમારી મુહબ્બતના મુકાબલામાં કાંઇજ નથી. જે લાવ્યો છું તે (વાનગી) આ ચોપાનીઆ મારફત જાહેર ભેટ તરીકે આપ લોકોને અર્પણ કરૂં છું. આશા રાખું છું કે તે લખાણ વાનગી ખાતાં ખુટશે નહિ. અને વાપરવાથી ઘટશે પણ નહિ. આપ સાહેબો એ અણમોલી ભેટને સ્વીકારશો અને એમાં લખાએલી નસીહતોને ધ્યાન લગાવી વાંચીને લક્ષમાં રાખી ચાલશો.

બોલ બેટ જેને અરબીમાં **સોલજાન** કહે છે. અને ફારસીમાં **ચોગાંન** કહે છે. એ રમત ત્રણ હજાર વર્ષ ઉપર પણ રમાતી હતી એમ તવારીખ જોતાં માલુમ પડી આવે છે. આપ સાહેબોને પણ એનો ઘણો શોખ છે. માટે તે રમત ઉપર તેને લગતી આ ચોપાનીઆમાં નસીહતો લખું છું. જો તમો એને લક્ષમાં લઇ એનું રહસ્ય સમજશો, તો તમોને એક ખાસ મરતબો મલવાને આ ચોપાનીયું સીડી તરીકે થઇ પડશે, અને નવા મજમુન જોવાને દુરબીનનું કામ આપશે. આ ચોપાનીયાથી તમોનેજ ફાયદો થશે એમ નથી. પણ બીજાઓને પણ ફાયદો પહોંચશે. અને તેઓને માટે શિક્ષકની ગરજ સારશે. પણ ત્યારે કે મારા તરફ નહિ જોતાં દિલ લગાવી એની આજ્ઞાઓ ને નસીહતો જોશો તો.

અંજાણ્યો માણસ જયારે બોલ બેટનું નામ સાંભળશે, અને એ વિષય ઉપર આ ચોપાનીયું લખેલું જોશે. તો તેને મારા ઉપર હસી

આવવાની. અને તે આ ચોપાનીઆની વાતોને નિર્માલ્ય જેવી ગણવાનો. પણ લક્ષ દઇને પુરૂં. વાંચીને સમજ્યા બાદ તેને આ લખાણની અસર થયા વિના રહેશે નહિ અને તે એની કદર કર્યા વિના રહેશે નહિ. ખુદાવંદા! જેમ તેં પોતાની મહેરબાનીથી મારાં બીજા લખાણોને લોકોપયોગી બનાવી ફાયદો પહોંચાડયો, તેમ આને પણ તારા ફઝલો કરમથી લોકોપયોગી બનાવ.

બોલ દડીની નસીહત.

(૧) બોલ જયારે ફટકા ખાય છે તે પછી તેની એટલી ને એવી ઇજ્જત થાય છે કે રમનાર માણસ તેને ઘણી; ખુશીથી કેચ કરવાને (ઝીલવાને) તૈયાર થઇ જાય છે. એટલુંજ નહિ પણ બેઉ હાથે તેને માન દઇ બનતી કોશીશથી પકડે છે. એવીજ રીતે જે માણસ ખુદાના માર્ગમાં ચુસ્ત રહી પડતી તકલીફો સહન કરે છે (બરદાસ્ત કરે છે) તે ઇજ્જત પામવાને યોગ્ય (લાયક) થાય છે. અને ખુદાનો વહાલો બને છે અને આખર તેની સર્વે મતલબો પુરી પડતી જાય છે.

(૨) બોલ (દડી) ને જ્યારે જમીન ઉપર મારીએ છીએ, તો ફરી તે જમીનથી ઉછળીને પાછો ઉંચો આવે છે. એ ઉપરથી સમજવાનો ઇસારો આ છે જે મણુસ જયારે પોતાનો અહંકાર (મગરૂરી) તજીને નમ્રતા અને તવાજો ઇખ્તિયાર કરે તો બોલ (દડી)ની માફક તે મરતબામાં ઉંચે આવવાને પાત્ર (લાયક) થાય છે.

(૩) બોલ (દડી) જેટલા જોરથી નીચે આવે છે તેટલાજ જોરથી ઉચે આવે છે. એવાજ તરેહ માણસ જેટલી પસ્તી (તવાજો-નમ્રતા) અખતેયાર કરશે, તેટલીજ બુલંદી (ચઢતી) તેને મળશે.

(૪) બોલ દરેક જગ્યાએ નીચે પડવાથી પાછો ઉછળીને ઉપર આવતો નથી પણ તેના લાયકની જગ્યા ઉપર ઝુકે તોજ પાછો ઉંચે આવે છે. જેમકે બોલ કીચડમાં કે પાણીમાં પડે છે તો ઉપર પાછો આવી શકતો નથી. પણ સખત સુઘડ જમીન ઉપર પડવાથી તેને બુલન્દી મળે છે. એવીજ રીતે માણસનું દરેક જગ્યાએ ઝુકવું ફળદાયી નીવડતું નથી. પણ કેટલીક જગ્યાએ એની તવાઝો નકામી જાય છે. દાખલા તરીકે જુઓ કે કોઈ પીરઓની દિમાગવાલા આગળ કોઇ માણસ જુકે તો પીરઓની ભેજાવાલાની પીરઓની ઓર વધવાની અને ફરી તે લોકોને વધારે સતાવવાનો. વળી બોલ (દડી) મારનારને વાસ્તે ચોથી કલમથી આપણુ ઇશારો નીકળે છે કે જો તે કોઈનો મુકાબલો કરે તો તેણે પ્રથમ જોવું જોઇએ કે સામાવાળો તેના કરતાં બળવાન છે કે કેમ ? જો જોરાવર હશે છતાં મુકાબલો કરશે તો જેમ દિવાલ (ભીંત) ઉપર કે કોઇ પત્થર ઉપર ફેંકેલો બોલ પાછો ફેંકનારના મોં ઉપર આવે છે તેમ તે મુકાબલો પણ તેના ઉપરજ આવશે (એટલે તેને સખત જવાબ મળશે.)

ઈસ્ટામ અને ગીલ્લી.

(૧) ઇસ્ટામ ચાર હોય છે, તેમાંથી ત્રણ સાથે રહે છે અને એક દુર રહે છે. એ ઉપરથી સમજવાનો ઇસારો (સાર) એ છે કે કાળ (જમાના) ત્રણ છે. (૧) ભૂતકાળ (ગએલો જમાનો) (૨) વર્તમાનકાળ (ચાલુ જમાનો) (૩) ભવિષ્યકાળ (આવતો જમાનો) અને એ ત્રણે કાળો ઇસ્ટામની માફક એક પછી એક એમ સાથે હોય છે.

(૨) ચોથો ઇસ્ટામ વેગલો (છુટો) રહે છે. તેમાં આ ઇસારો છે કે દરેક કાળ (જમાનો) વાળી જણસોને વાસતે એક મુદ્દત

મુકર્રર છે જેમ ત્રણ ઇસ્ટામને સામે એ ઇસ્ટામ ઉભેલું છે. તેમ એ મુદ્દત માણુસ જીવજંતુ સર્વેને વાસ્તે ઉભેલી છે.

(૩) એકલા ઇસ્ટામ તરફથી જો દડી આવે અને ત્રણ ઈસ્ટામમાં લાગે તો દાવનો નાશ થાય છે. એવીજ તરેહ મુદ્દતોવાલી વસ્તુઓને જયારે મુકર્રર કરેલી મુદ્દત લાગુ પડે છે. તો તેનું મોત થાય છે.

(૪) ચારે ઇસ્ટામોને માથે જયારે પત્થર કે મોગરી પડે છે તો પછી તે જમાનમાં ગડાઇને કાયમ સ્થિર રહે છે. એવીજ રીતે જે માણુસ આવેલી આફતમાં, ઇસ્ટામની માફક માથું મુકી સબર કરશે તો તે ઈસ્ટામની માફક જમી જશે.

(૫) જેમ જમી ગએલા ઇસ્ટામને કોઈ મોગરી કે પત્થરથી ઠોકતું નથી તેમ ખુદાની મરજી ઉપર કાયમ રહેલા માણુસને તકલીફ થતી નથી. એટલે કે જો તેના ઉપર કંઇ તકલીફ આવે તો તે તેની પાંઠ (બદન) ઉપરજ રહે છે. પણ તેનો જીવ કે જે ઈસ્ટામની માફક ખુદાની મરજી ઉપર જમેલો હોય છે તેને કાંઇ તકલીફ પડતી નથી.

(૬) ત્રણે ઇસટામને માથે ગીલ્લી મુકાય છે તેમાં આ ઈસારો (સુચવે) છે કે ત્રણે કાળ (જમાના) વાળી જણસોને માથે મોત બેઠેલું છે.

(૭) ગીલ્લી, ઈસ્ટામની વચ્ચે હોય છે. તેમાં આ ઇશારો (સુચવે) છે કે ત્રણે કાળમાં ભુતકાળ તો વીતી ગયો, અને ભવિષ્યકાળ હજુ આવવાનો છે. હવે રહયો વચ્ચેનો વર્તમાનકાળ તેની સાથે મોત લાગેલું છે. આથી માણુસને જોઈએ કે તે હંમેશાં. મોતની તૈયારીમાં રહે, એટલે નેક કામ કરતો રહે. કારણ કે ભુતકાળ તો હાથથી ગયો. અને ભવિષ્યની એને ખબર નથી. બાકી રહયો વર્તમાનકાળ માટે

તેને ગનીમત સમજે કેમકે મોત વર્તમાનમાંજ હોય છે. માટે ચાલુ જમાનામાંજ મોતની સફર વાસ્તે તૈયાર રહે.

(૮) ઇસ્ટામ ઉપર જયારે પત્થર કે મોગરી જુલ્મ કરે છે. તો તે જુલ્મ સહન ન કરનાર ઇસ્ટામ ઉંધે માઢે જમીન પર પડે છે. પરંતુ જેઓ જુલ્મ સહે છે તે તટસ્થ સબર કરી ઉભા રહે છે. તો કાયમ થઇ જાય છે. અને જુલ્મથી છુટે છે. એવોજ હાલ માણસનો પણ સમજવો.

બેટ.

(૧) બેટ પ્રથમ માથું નીચું કરી બેસે છે. તો ફરી તેથી તેને માથું ઉંચકવાની શકિત (તાકાત) મલે છે. અને ફરી ફટકો મારી શકે છે. એવીજ તરેહ જે માણસ તવાજો (નમ્રતા)માં માથું નમાવે છે. તેની શકિત ખુદા વધારે છે.

(૨) બેટ (જોકે) ગરદન ઝુકાવી રહે છે તો આઉટ થતાં અટકાવી તેના દાવની જીંદગી વધી જાય છે. એવીજ તરેહ જે માણસ ખુદાના માર્ગમાં ગરદન ઝુકાવીને તેના હુકમ માને તેની ઉંમર વધે છે, અને તેના ઉપર આવતી ઘણીખરી બલાઓ ટળે છે.

(૩) બેટ ગમે તેટલો મોટો હોય પણ તે કબજાની (પકડવાની) જગાએ પાતળો હોવાથી તેના માલીકના કબજામાં રહી તેના એખત્યારમાં ગરદન દે છે. જેથી તે જેમ ચાહે તેમ ફેરવે. એવીજ રીતે માણસ ગમે તેટલો મોટો હોય છતાં ખુદાનો મોહતાજ હોવાથી તેના કબજામાંજ હોય છે. ખુદા ચાહે તેમ ફેરવે.

બે પારટી તથા દાવ.

(૧) રમતમાં બે પારટીઓ હોય છે. તેમાં આ ઈસારો (સુચન) હોય છે કે ગમે તેવો માણસ કેમ ન હોય, પણ તેનો શત્રુ (દુશ્મન) દુનીઆમાં જરૂર હોય છે. કાંઇજ નહિ તો, તેનાં બુરા ગુણો કીનો, કપટ, લાલચ, શહવત, વગેરે તેના દુશ્મનો છે. જેવી રીતે સામાસામી પારટીવાલા એક બીજાને હરાવી પોતે ગાલેબ થવું ધારી કોશીશ કરે છે. તેવીજ રીતે માણસે પણ તે તેના આંતરીક દુશમનોથી વિરૂદ્ધનો ખ્યાલ કરી સારા કામોમાં એવું પરોવાયલું રહેવું જોઇએ કે તે વિષય વાસના રૂપી દુશ્મનોનું કાંઈ ચાલે નહિ, તે દુશ્મનોને જેર કરી તેના ઉપર ગાલેબ થઇ ખુદાનો પ્યારો બને.

(૨) બે પારટીઓમાં કદી કોઇની જીત થાય છે અને કદી કોઇની. એવીજ રીતે દુન્યાની છાંયા પણ હરતી ફરતી છે. કદી કો'ની પાસે અને કદી કો'ની પાસે. અમીરોના ફકીર અને ફકીરોના અમીર એમ ફરતા ફરતીનું દુન્યાનું ચક્ર ચાલુજ રહે છે. માટે તે ઉપર ભરોસો રાખવો નહિં.

(૩) જ્યારે જે પારટી દાવ લેવા તૈયાર થાય છે. તો તેમાનો એકજ આદમી દાવ લે છે. અને દાવ દેનાર આદમીઓ સૌને મળીને દાવ દે છે. એ ઉપરથી સમજવાનો ઈસારો આ છે કે, કોઇ માણસ સરૂ કામ કરવા દાવ લેનારની માફક તૈયાર થાય છે, તો તેને અંતગાય વિધ્નકર્તા દાવ દેનારાઓની માફક અનેક હોય છે પણ દાવ લેનાર એ સરવે રોકાણોથી ન ગભરાતાં પોતાના કામમાં હુશિયાર અને લાગેલો રહે છે. તેવીજ રીતે સારાં કામ કરનારે પણ રોકાણો (વિધ્નો) નો ખ્યાલ ન કરતાં ખુદાની મરજી ઉપર ચાલવામાં ચુસ્ત ચાલાક રહેવું જોઇએ.

વિદ્યા (ઇલ્મ) શીખવું ઘણું ઉત્તમ છે. એવું દુન્યાના દરેક અકકલ-વાળાઓ વિદ્વાનોનું માનવું છે. એવી અત્યંત જરૂરની બાબતથી પણ લોકો અજ્ઞાત રહી અજ્ઞાન (જાહેલ) રહે છે. તેનું શું કારણ? એનું કારણ એજ હોઇ શકે અને છે કે બીજી ચીજોને હાંસીલ કરવામાં જેવી અને જેટલી મુસીબતો અને વિઘ્નો (આફતો) નડે છે તે કરતાં વધારે આફતો અને રોકાણો વિદ્યા પ્રાપ્ત (હાંસીલ) કરવામાં નડે છે અને તે રોકાણોનો ઇલાજ નહિ કરવાથી માણસ ઇલ્મ (વિદ્યા) શીખતો અટકી જાય છે.

(૪) રમતમાં, દાવ લેનાર એક. અને દાવ દેનાર દસ, વીસ, માણસ હોય છે. તેમાં આ પણ ઇસારો (સુચન) છે કે જો કોઇ એક માણસ; આપણો સામોવડીઓ (મુકાબલો કરનાર) દાવ લેનારની માફક ઉભો થય તો, તેને એકલો ગણી બીજા ભાઇઓએ ચુપ બેસી રહેવું નહિ. પણ દાવ લેનારાઓની માફક સરવે મળી તેને નિષ્ફળ (ના ઉમેદ) બનાવવાની કોશીષમાં રહેવું.

(૫) કદી એક દાવ લેનારનો દાવ એટલો લંબાય છે કે, તેના સામા-પક્ષવાલા બિચારા દાવ દેતાં દેતાં થાકી જાય છે. પણ તેનો દાવ ઉતરતોજ નથી એ ઉપરથી આ ઇસારો નીકળે કે, આપણો મુકાબલો કરનાર (દુસ્મન) અગર ગે એક હોય તો પણ તેને, નાનો અને નિર્માલ્ય સમજવો નહિ. તેમજ આપણા પ્રતિસ્પર્ધીઓ (મુકાબલો કરનાર) ઘણા હોય તો પણ હિંમત હારવી નહિ. કારણ કે જો આપણો એક સારા દાવ જાણનાર ખેલાડીની માફક અકકલ હુશીઆરીથી કામ લઇશું. અને હિંમતથી અડગ રહીશું તો જેમ એકલો દાવ લેનાર, ખેલાડી સરવે સામાવાળા દાવ દેનારાઓને મ્હાત કરી ગાલેબ આવે છે. તેમ આપણે પણ મોટી સંખ્યાના દુશ્મનો ઉપર ગાલીબ થઇ શકીશું.

(૬) ફટકો માર્યાથી બોલ (દડી) જો દુર જાય છે તો દાવ લેનાર જલદીથી દોડી બે ત્રણ રન (દોડ) કરી લે છે. એમાં ઇસારો આ છે કે કોઈ પણ જાતનો હોદ્દો કે પદવી (મરતબો) કે નામવરી હાંસેલ કરવી હોય તો ફક્ત ખાઈ પી ને બેસી રહેવાથી મળતી નથી પણ દાવ લેનારની માફક દોડા દોડી કરી જાન ફીશાની (તનતોડ કોશીશ) કરવાથી હાંસીલ થાય છે.

(૭) દાવ લેનારની સાથે બીજો એક માણસ નકામો દોડે છે. તેનું કામ નકામું હોય છે છતાં તે દોડયા કરે છે. તેમાં ઇશારો આ છે કે સારા માણસ પાસે બેસવાથી તેની આદત સાથે બેસનારની આદતમાં ફોટોગ્રાફનાં પ્રમાણે આવી જાય છે. એટલેકે તેની અસરકારક છાપ પડે છે. અને તે બેસનારની રહેણી કહેણી પણ તે સારા માણસ જેવી થઇ જાય છે. જો સુસ્ત માણસ પાસે બેસીશું તો સુસ્તી જરૂર આવવાની અને ચુસ્ત માણસની સંગતથી ચુસ્તી પણ જરૂર આવે છે. કોઇ માણસ ગમે તેવો સુસ્ત હોય અને બેકાર રહેતો હોય પણ જો તે ચુસ્ત માણસની સંગતમાં રહે અને જયારે સર્વેને કામમાં લાગેલા જુએ તો જો કે એકદમ તેનામાં કામનો શોખ નહિં ઉભરાઈ જાય, પણ એટલું તો જરૂર થશે કે ભલે એ દેખાદેખી શરમાઇને જરૂર કામમાં લાગી જશે.

(૮) જયારે દાવ લેનારનો દાવ જાએ છે. તો તેનો સાથી દાવ લેતો થઈ જાય છે. એમાં ઇશારો એ છે કે સારા માણસની સોબત રાખવાથી કઇક મુદ્દત બાદ તેની આદત અને ખો (ટેવ) એનામાં (સાથીમાં) આવી જાય છે. અને તેના જેવો એ પણ સારો થવાને પાત્ર બની જાય છે.

(૯) જ્યારે ફટકો મારવાથી બોલ આઘે જાય છે. તો દાવ લેનાર રન (દોડ) કરવા દોડે છે. તે વખત જો પુરો રન થઇ શકે નહિ તો અડધા રન ઉપર અટકે છે અને તેની જગ્યા તેનો સાથી સંભાળે છે. એવીજ રીતે માણસને કમમાં કમ એક મિત્ર (દોસ્ત) જરૂર હોવો જોઇએ કે જે અણીના સમયે કામ લાગે. અને સાથીને જોઇએ કે જેમ દાવ લેનારની જગ્યા સભાળવામાં તેનો સાથી આનાકાની કરતો નથી. અને દિલોજાનથી તેની જગ્યા સંભાળે છે. તેવીજ રીતે પોતાના દોસ્તના કામકાજમાં મદદ કરે જેમ દાવ લેનારનો સાથી દુઃખ સુખમાં (એટલે રનમાં અને ગેર રનમાં) સાથે સામેલ હોય છે તેમ એક દોસ્તને બીજા દોસ્તના સુખદુઃખમાં સામેલ (સાથે) રહેવું જોઇએ.

(૧૦) દાવ લેનારનો દાવ જયારે ચાલ્યો જાય છે તો તેથી કાંઇ તેના બીજા સાથીનો દાવ ચાલ્યો જતો નથી. તેનું કારણ આ છે કે બે દોસ્તમાંથી એક દોસ્ત મરી જાય છે, તો તેથી બીજો દોસ્ત મરી જતો નથી. અથવા તો એ કે "અમપાયર (મુખત્યાર) સાહેબ દાવ લેનારને તેનો દાવ જવાથી કમી (નિસ્ફળ) કરે છે. અને બીજાને રહેવા દે છે તેમાં આ ઇશારો છે કે, ગુન્હેગારનો ગુન્હો તે ઉપર થાય છે તેથી બીજો પકડાતો નથી.

(૧૧) દાવની આખરમાં જયારે કે દાવલેનાર બે માણસ રહી જાય છે તે વેળા બે દાવ લેનારમાંથી એક જો આઉટ (બહાર) થાય તો બીજો પણ નકામો રહી જાય છે તેનું કારણ એકે શરૂ દાવ લેનારથી તે આખર સુધી દોસ્તી બદોસ્તી ચાલી આવે છે. અને આખર તે દોસ્તી એક બીજાનમાં ફરતી ફરતી એટલી બધી વધી ગઇ અને એક ઇશ્કના એવા દરજ્જાને પહોંચી કે જે દરજ્જામાં એકના

(પ્રેમી) મરવાથી બીજો પણ (પ્રેમી) મરી જાય છે, અને એ દરજ્જો ઘણો તારીફ લાયક ગણાય છે. એવો ઇશારો જાણવો અને એવી મહોબ્બત પેદા કરવાની કોશીશ કરવી. અથવા તો આ ઇશારો સમજવો કે જ્યારે આખરે બે દાવ લેનારમાંથી ફકત એકજ રહી જાય છે. તો તે એમ સમજે છે કે મોટાં મહાભારત કામો—જેમાં એક બીજાની મદદની જરૂરત પડે છે–તેવામાં જો કોઇ બીજો મદદગાર ન મળે. તો તે કામ કરતા નહિં. તેમ હવે કોઇ મારો બીજુ બેલી (મદદગાર) નહિ હોવાથી દાવ લેવો હુ મુકી દઉં છું. અથવા તો એમ સમજવું કે માણસ ગમે તેવા સુખ માણતો હોય પણ તેની પાસે દિલ્લગી થવાને બીજો માણસ અવશ્ય હોવો જોઇએ જો માણસ બાગમાં ગયો હોય અને તેની દિલ્લગીનો કોઇ માણસ તેની સાથે નહિ હોય. તો તે બાગ (વાડી) તેને વાસ્તે કેદખાનું થઇ પડવાનું. તેમજ એ છેલ્લો દાવ લેનાર પણ દાવ લેવાની મજા અને રન કરવાની મોજને પાત્ર (લાયક) થયો છે. પણ કોઇ બીજુ દિલ્લગીનો નહિ હોવાથા પોતાની મઝા તજીદે છે અથવા એમ સમજવું કે બે દોસ્તોમાંથી એક દોસ્ત જો કોઇ બાબતમાં સપડાય અને દોસ્તીના સબબથી બીજો પણ સપડાય તો તે દોસ્તને જોઇએ કે, બેઉને છુટવાની કોશીશ કરે. નહિ કે દોસ્તીનો ઇનકાર કરી પોતાનેજ છુટાવવાની કોશીશ કરે. તેમજ બીજો દાવ લેનાર પણ. દોસ્તને દાવ લેતો નહિ કરી શકયાથી. દોસ્તીનો ઇનકાર નહિ કરતાં તેની સાથે ફસે છે. અથવા એમ સમજવું કે દોસ્ત જો લાયક હોય તો. પોતે તો ફસતાં ફસે છે પણ બીજાને પણ સાથે ફસાવે છે. જેમકે છેલ્લો દાવ લેનાર પોતે ફસી દાવ ખુએ છે. અને બીજા સાથીનો પણ દાવ ખુએ છે ,

(૧૨) જ્યારે દાવ લે છે, ત્યારે તો એક માણસ દાવ લે છે અને બીજો પોતાના સાથીના દાવ તરફ હિંમત બાંધી તવજ્જોહ કરી એવી તરેહ ઉભો રહે છે. કે જાણે એ પણ ફટકો મારવામાં દાવ લેનાર થવાનો છે. જેથી સામેલ છે અને એક બીજાની સામાસામી રહી બે ધડક એક દિલ બની તટસ્થ ઉભા રહે છે. એ દાવ લેતો નથી પણ ફકત તવજ્જોહ રાખે છે તેથી એનો સાથી દાવ લીયા કરે છે. એમાં ઇશારો આ છે કે સારા માણસની દોસ્તી બેવ જહાનમાં ફાયદો દેનાર છે. અગર તેવણ (સારા) કોઇ આપણા કામમાં સામેલ ન થાય તો ભલે. ફકત તેઓની હિંમત અને તવજ્જોહ આપણે વાસ્તે કીમાયું છે.

(૧૩) દાવ લેનાર દશ વીસ હોય છે. અને તે સરવે છુટા છુટા હોય છે. એમાં ઇશારો આ હોય છે કે, ગમે તેટલા માણસો હોએ પણ તેઓમાં ફુટફાટ હોવાથી તેઓને દાવ દેનારની માફક ઝિલ્લત (હાર) થાય છે. જ્યાં સુધી એક હિમ્મત થઇ દડી તરફ નહિ દોડે ત્યાં સુધી દાવ દેવાની ઝિલ્લત (નામોશી) થી છુટે નહિ તેમજ જે માણસોમાં ફુટફાટ પડી હોય તેઓ જ્યાં સુધી એકઠા થાય નહિ ત્યાં સુધી તેઓની ઉન્નતિ થાયે નહિ.

(૧૪) દાવ લેનારનો સાથી ફટકો મારતો નથી પણ બેટ પકડી રાખે છે તેમાં ઇસારો એ છે કે માણસને જોઇએ કે, જે કામ કરવું હોય તેની પ્રથમથીજ યોગ્ય વ્યવસ્થા કરી રાખે. નહિ કે આગ લાગે ત્યારે કુવો ખોદવા બેસે. શરીઅતમાં (મોહંમદી ધરમમાં) શરીઅતનાં કામ કરવા પહેલાં તેના બંદોબસ્તમાં રહેવું ઘણું ગુણકારી બતાવ્યું છે, દાખલા તરીકે જો કોઇ માણસ નમાઝની પહેલાં પોતાનું કામ મુકી દઈ વુઝુ કરી નમાઝની ઇન્તેઝારીમાં બેસે તો તે નમાઝીનીજ ગણતરીમાં ગણાયા કરે છે. અને નમાઝીનો સવાબ મળ્યા કરે છે.

છોકરાઓ ગીલ્લી દંડાની રમત રમે છે તે વખતે જો દાવ લેનાર પોતાના હાથમાંથી દંડી વગર કહે મુકી દે અને તે દાવ દેનાર પકડી લે તો તેનો દાવ ચાલ્યો જાય છે તેનું કારણ પણ એજ છે કે દાવ લેનાર માણસે ફટકો મારવા પહેલા તૈયારી કરી રાખવી જોઇએ અને એણે દાંડીઉ મુકી દીધું એટલે એણે તૈયાર રહેવામાં સુસ્તી કીધી તેની સજા એ કે એનો દાવ ચાલ્યો ગયો.

(૧૫) દાવ લેનાર બે માણસો ઉભા થાય છે, પણ તેમાં ફટકો તો એકજ મારે છે. તેમાં ઇસારો આ છે કે એક કામ કરવા બે માણસો નીકળેલા હોય અને તે કામ બેમાંથી એકથીજ થાએ છે. તો જોઇએ કે, એક માણસ તે કામને કરે અને બીજો ફક્ત તઇયારીમાં રહે. એટલે કે જો એ નહિ કરે તો હું કરીશ. એમ તત્પર રહે. નહિ કે બેઉ સાથે તે કામમાં તુટી પડી તે કામનો નાશ (બરબાદ) કરે, જેથી ન એનું વળે ન તેનુ બન્નેય નિસ્ફળ રહે.

(૧૬) બોલ બેટનો દાવ લે છે તો એકજ માણસ પણ દાવ લેતી વખતે બે માણસનું હજર રહેવું જરૂરી છે. તે એટલા માટે કે રમનારને ચેતવણી રહે કે બનતી કોશીશે ફુટ ન પડવા દે પણ ટોળીમાં સંખ્યામાં સાથેજ રહે કાંઇજ નહિ. તો બે માણસ તો જરૂર સાથ થાય એકલો રહે નહિ. એજ કારણથી હમારા બરગુજીદા પેગંબર મોહંમદ મુસ્તફા (સલ) ફરમાવે છે કે "ખુદાનો હાથ જમાઅત (ટોળા) ઉપર રહે છે એટલે કે કુસંપ તજી ઐક્યના સાથેનો ખુદાની તેઓ ઉપર જરૂર મદદ થાય છે. પેગંબર મોહમદ (સલ.) સાહેબે એકલા માણસને મુસાફરી કરવાનું પણ મના ફરમાવ્યું છે તેમાં અનેક લાભો સમાએલા છે. તેમાંનો એક આ છે કે એકલા સફર કરતાં કરતાં

એવું ન થઇ જાય કે તેને જમાઅતને મુકી એકલા રહેવાની ટેવ પડી જાય નેચરલ ફિલસોફરની દ્રષ્ટિથી જોઇએ તો દુન્યાનું રહેઠાણ સર્વ "મીશર" (તરકીબ) ઉપર છે. એ ઉપર જો વિસ્તાર પૂર્વક વિવેચન કરૂં તો લખાણ ઘણું લંબાઇ જાય માટે તેનું હું અહીં કાંઇ લખતો નથી.

(૧૭) રમતી વખતે જમણો પગ આગળ વધારાય છે તેમાં ઇશારો આ છે કે સારા કામની શરૂઆત જમણા પગથી અને જમણા હાથથી શરૂ થવી જોઇએ.

(૧૮) જયારે દાવ લેવામાં કોઇ ખેલાડી માણસ ઘણા રન કરે છે. તો તેને ફાયદો જેમ તે માણસને થાય છે (એટલે એમ કહેવાય છે કે ફલાણાએ એટલા રન કીધા) તેમ તેની ટોળીવાળા સર્વ ભીરૂઓને (માણસોને) પણ થાય છે. એટલે એની ટોળી બીજી સામી ટોળી ઉપર એના રનોના સબબથી સરસાઈ ભોગવશે એવોજ હાલ ખુદાની બંદગીમાં સમજવો. બંદગી કરવાનો ફાયદો જેમ તેના કર્તાને પહોંચે છે. તેમ તેની બરકત બીજાઓને પણ પહોંચે છે. એટલે ઘણીખરી અફતો તે એક માણસની ઇબાદતથી ટળે છે. દાવ લેતાં કોઇ માણસ નિસ્ફળ જાય અને નકામો નીવડે છે તો તેનું નુકસાન જેમ તેને નડે છે. (એટલે એમ કહેવાય છે કે ફલાણાએ કંઇ રન કીધા નહિ.) તેમ એની ટોલીવાળાઓને પણ તેનું નુકસાન ખમવું પડે છે. એટલે એના સબબથીજ તેઓ બીજી ટોળી ઉપર ફતેહમંદ ન થઈ શકયા અને સરસાઈ ભોગવવામાં અડચણ પહોંચી તેવીજ ભુંડા કામ કરનારને માટે પણ સમજવું. ભુડા કામ કરવાની નુકસાની જેમ તે ભુંડુ કરનારને ભોગવવી પડે છે. તેમ તેને લગતા બીજા માણસોને પણ ભોગવવી

પડે છે. એનાં દુષ્ટ કાર્યોથી દુનિયામાં આફ્ત આવે છે જેમ ઝિના, (વ્યભિચાર) વગેરેથી. દાખલા તરીકે એમ સમજો કે સારા કામનો કરનાર તે જાણે સુગંધિદાર ફુલોનો બાગ તૈયાર કરનાર જેવો છે, કે જેનો ફાયદો પોતે પણ ઉઠાવે છે. અને રાહદારી વિગેરેને પણ ખુશબોથી ફાયદો પહોંચાડે છે. અને ભુંડા કામ કરનાર તે જાણે પોતાના ઘરને એકદમ ફુંકી દે છે. તેનું નુકસાન જેમ તેને ભોગવવું પડે છે. તેમ તેના પાડોશી વગેરેને પણ ભોગવવું પડવાનું.

(૧૯) દાવ લેનાર ટોળી કદી દસ વીસની હોઇ તેમાં સર્વ માણસો નિસ્ફળ જાય તેવા હોય છે. પણ તેમાં એક માણસ એવો હોય છે કે તેના સબબે આખી. ટોળીની બાજી જીતાય છે. એટલે તે એકલા રન કરે છે. કે બીજી ટોલીવાલાઓના કુલ્લે રન કરતાં વધી જાય છે. અને તે ટોલીને સરસાઇ મળે છે. એવોજ હાલ કયામતમાં પણ સમજવો કે એક મોટી જમાઅત ગુન્હેગાર નીકળવાની પણ એક માણસ સારો એવો નીકળશે કે પોતાની ટોળીવાલાઓની શફાઅત કરશે. વાસ્તે આપણને એક સારા માણસની સોહબત એખતિયાર કરવી જોઈએ કે તેવણુની સોહબત આપણા જેવા નાલાએકોને કયામતને રોજ કામ આવે.

(૨૦) રમતમાં કદી આ ટોળીનો દાવ આવે છે અને કદી પેલી ટોળીનો. તેમાં ઈશારો આ છે કે, માણસે પોતાની સારી હાલત જોઇ ફુલાવું નહિ, કારણ કે તે હરતી ફરતી છાંયા છે. કદી અહીં કદી તહીં.

(૨૧) રમનારા ગમે તેટલા રનો કરે પણ ત્યાં લગી તેઓ જીત્યા છે એમ ગણાય નહિ કે જયાં સુધી તેઓના મુકાબલો કરનારા સામી પારટીવાલા દાવ લેવામાં ઘટે નહિ. એટલે પોતાના કામના પરિણામ

(ફળ) નો આધાર છેવટ (આખરી) ઉપર છે. તેવીજ રીતે માણસની પણ સારી બુરી હાલત ખાતેમાંના ખયર, અને ન ખયર થવા પર છે. જેમ દાવ લેનાર ગમે તેટલા રન કરે છતાં મગરૂરી કરી શકતો નથી. કારણ કે તેની નેકીના ફલનો આધાર ખાતેમાંની ખયર ઉપર રખાયો છે માટે આપણને જોઇએ કે દુન્યાના એશઆરામમાં ન રહેતાં ખાતેમા ખયરની ફિકરમાં રહેવું જોઇએ.

(૨૨) કોઇ ખેલાડીનો દાવ ગમે તેટલો ચાલે પણ આખરે આઉટ થવા વગર રહેતો નથી તેવીજ રીતે માણસની ઉંમર પણ ગમે તેટલી લંબાય છતાં અંતમાં તો મોતથી બચી શકતો નથી. માણસ જો આટલી વાત હંમેશાં ખ્યાલમાં રાખ્યા કરે કે મરવા વગર છુટકો નથી તો તે ઘણી ખરી બુરાઇઓથી બચતો રહેશે.

(૨૩) દાવ લેનારનો દાવ ક્યારે જશે. તે કોઈને પહેલાંથી ખબર હોતી નથી. કદી એવું પણ બને છે કે સારા રમનારનો દાવ પહોંચતો નથી અને અલલટપ્પુ રમનારનો દાવ પહોંચ્યા કરે છે. તેમ મોતનો પણ હાલ સમજવો. કેટલાક હટ્ટા કટ્ટા જબરા માણસો એકદમ મરી જાય છે. અને કેટલાક બિમારો (કમજોરો) લાંબી મુદ્દત જીવે છે.

(૨૪) આઉટ થવાના કારણો અનેક હોય છે કદી ફટકો મારતાં ચુકી જાય અને ઇસટામને બોલ લાગી જાય અથવા રન કરવા જાય એટલામાં ઇસટામને બોલ લગાડી દે અથવા ફટકો માર્યા છતાં બોલ ઝીલાઇ જાય છે. તેમજ મોતનાં કારણો અનેક હોય છે કોઇને કંઈ કારણથી મોત આવે છે અને કોઇને જુદા કારણથી.

(૨૫) રમત રમનારાઓને રમતના કામ બદલ લખનારની ધાક રહે છે કે કેવું લખશે. તે ઉપરથી આ વાતની ચેતવણી હોય છે કે માણસ પોતાના કામો કરવામાં ગાફિલ ન રહે. તેના દરેક કામોમાં લખનાર ખુદા તરફથી મુકરર છે. જેમ રમત રમી રહયા પછી રમનારને પોતાના રમવાના કામની (લખાણ પરથી) ખબર પડે છે. તેમ માણસને પણ મરવા પછી પોતાનાં કામોની સર્વ ખબર પડશે.

(૨૬) દાવ દેનારાઓ આપસમાં એકેક જગ્યા, તેમજ એકેક કામ, દાવ દેવા માટે વહેંચી લે છે. તેમાં ઇશારો એ છે કે કોઈ તમારો દુશ્મન પેદા થાય તો એક માણસને માથે તેને દૂર કરવાનુ નાખી દેવું નહિ. પણ સર્વે એ મલીજુલીને સંપથી તેની સામે થવું અને દુર કરવાની તદબીર દાવ દેનારની માફક ચો તરફથી ખ્યાલ રાખી કરવી. એવી રીતે કે તે સપડાઇ જાય.

(૨૭) રમનારાઓ ઘેરથી રમવા આવે છે. અને રમ્યા બાદ ઘેર પાછા જતા રહે છે. જો જીતીને જાય તો ખુશી ખુશીથી જાય છે અને જો મેચમાં હારીને જાય છે તો શરમીંદા થઈને જાય છે. મારા જોવામાં એમ પણ આવેલું છે કે (એક વખતે) બે પારટીની ક્રિકેટ મેચ રમાઈ તેમાં એક જીતીને જયારે ઘેર જવા લાગી. તો પડગમ સાથે ઘેર સુધી વાજતે ગાજતે આવી. અને બીજી પારટી હારી જવાથી શરમીંદી થઇને રસ્તે બે રસ્તે થઇ છુપતી છુપતી ઘેર આવી. એવોજ હાલ માણસનો પણ સમજવો. કે આપણે પણ ખુદાને ત્યાંથી દુન્યામાં હારવા જીતવા આવ્યા છીએ જે માણસ ખુદાની બંદગીમાં રહયો અને તેની મરજી પ્રમાણે ચાલ્યો ને ફિરસ્તા જેવા સારા ગુણો પોતાનામાં ઉતપન્ન કર્યા તે માણસ જીત્યો. અને જે માણસે નાફરમાની

કીધી અને ખુદાની મરજી વિરૂદ્ધ રહયો ને શયતાની ખવાસ પેદા કીધા તે માણુસ હાર્યો. માણુસ જયાંથી આવ્યો ત્યાં ફરીથી પાછું જવાનું છે. જો જીતીને જશે તો ઘણો ખુશ થશે. અને હારીને ગયો તો શરમિન્દો થશે. માટે બુદ્ધિવાન માણુસનુ કામ તે એ છે કે શરમીંદો થવાના કામો ન કરતાં ખુશી થવાનાં કામો કરે.

અમપાયર.

(૧) રમનાર પોતાના કામમાં મશગુલ રહેતો હોવાથી વખતે એવું પણ બને છે કે તેનો દાવ ચાલ્યો જાય છતાં તેને દાવની ખબર રહે નહિ. જેથી તે બીજાઓ પાસે નકામો દાવ લેવા જાય છે. આવી અવ્યવસ્થા ન થાય માટે રમતમાં એક મુન્સફ મુકરર કરેલો હોય છે. જેથી કોઇ ઉપર જુલ્મ થાય નહિ અને હકનું હ. થાય

(૨) માણુસની તબીઅત લોભ કીના કપટથી ભરપુર હોય છે જેથી તે હમેશાં પોતાનુંજ ભલું તાકે છે. અને બીજાનું નુકસાન ઇચ્છે છે. જેથી દાવ લેનાર પોતાનો દાવ જતો રહયો હોય છતાં પોતાના સ્વભાવ પ્રમાણે ઇનકાર કરે એમાં નવાઇ નથી. તેમજ દાવ દેનાર પોતાના સ્વભાવ પ્રમાણે ન આઉટ ને આઉટ ગણે તેમાં પણ નવાઈ જેવું નથી, આમ ગડબડ થવાથી સુલેહનો ભંગ થાય અને સંપનો કુસંપ થાય. એ દેખીતી વાત છે. માટેજ રમતમાં એક અમપાયર રાખ્યો. જેથી તેની વાત બન્ને પારટીવાલા માને અને સુલેહ શાંતિથી રહે.

(૩) એકથી બે માણુસ થાય તો તે બેમાં એક સરદાર હોવો જોઈએ જે આ ખેલ આપણુને શીખવે છે. આજકાલ મુસલમાનોમાં ઘણીખરી ખરાબીઓ અને નુકસાનીઓ એક સરદાર નહિ હોવાથી

ઘુસી ગઇ છે. ઘણુંખરાં મંડળો સરદાર (આગેવાન) નહિ હોવાથી તુટી અસ્તવ્યસ્ત થઇ ગઇ છે. ઇસલામી ધર્મનું ફરમાન છે કે કઇ એ પણ સફર કરો તો તમારા સાથીઓમાંના એકને સરદાર બનાવી લો. એની ખૂબી અને ફાયદા ઉંડો વિચાર કરવાથી જણાશે. આપણે જો એકલા નમાજ પડીએ તે કરતાં એક સરદાર બનાવી જમાઅતથી નમાજ પડીએ તો તેમાં સત્તાવીશ ઘણો સવાબ મળે છે તેનું કારણ શું ? લોકોએ એનાં કારણો અનેક રીતે વર્ણવ્યા છે પણ સરદાર બનાવવાની ટેવ રહે. તેનો હુકમ માન્યા કરવાની આદત રહે માટેજ સત્તાવીશ ગણો સવાબ વધાર્યો હોય, એમાં તઅજજુબ (નવાઇ) નથી. જો મધમાખને જોઇશું તો તે આપણને નસીહતનો પાઠ શીખવી રહી છે કે સરદાર જરૂર કરવો જોઇએ.

આ છે જીવન ક્રિકેટની રહસ્યમય કહાણી, જગત ચોગાનમાં જીવન ક્રિકેટના બોલ ફેંકનાર ક્રિકેટરો, જરા ઉપરનો રહસ્ય સમજી શોચી વિચારીને રમશે તો તેઓ, પોતાની વિષય વાસના રૂપી સામી પારટીને આઉટ કરી મહાન અમપાયર પાસે પોતાનો દાવ જીતી ખુશ ખુશ થતા જશે. અને હારનાર, શરમીંદા થઇને જશે, આપણું જીવન અને આપણે એ સૌ ક્રિકેટની રમત જેવાં છીએ. માટે ક્રિકેટરો જયારે પણ ગ્રાઉન્ડમાં પહોંચો અને બેટ પકડી રમવા માંડો ત્યારે જરાએ પણ વિચારો કે જીવન ક્રિકેટની રમતમાં તમે કેટલા રન કર્યા. અને પ્રતિપક્ષીઓને કેવી રીતે હંફાવ્યા. જરા તમારા નફા નુકસાનનું ખાતું જોતા રહીને ચાલશો કે તેમાં ઉધાર વધે છે કે જમા.

ખુદા સૌને સદ્બુધ્ધિ અર્પી નેક રસ્તે ચાલવાની તૌફીક બક્ષે આમીન. [પૂર્ણ.]

મોનબ્બેહાત.

આ અરબી ઉપરથી ભાષાંતર કરવામાં આવી છે એનો ઉર્દુ ફારસીમાં પણ તરજુમો થઇ અનેકવાર છપાયલો છે. એટલુંજ નહિં પણ અંગ્રેજીમાં પણ તરજુમો પ્રોફેસર જે. ડબલ્યુ. રોકવેલ સાહેબે કર્યો અને ઘણી વાર છપાયો છે. એ નસીહત તથા અખલાક શીખવવામાં ઘણીજ સારી કિતાબ છે. ગુજરાતીમાં સાથે લુકમાન હકીમ (અલ) ની સો નસીહતો પણ છપાવી છે. બીજી આવૃત્તિ કીં. ૦—૮-૦

પરદો અને ઇસ્લામ.

સ્ત્રીઓ માટે પરદાની કેટલી અગત્યતા છે તેમ ઇસ્લામે પરદા વિષે શું હુકમ આપ્યો છે તે વિષયને એમાં ઘણા વીસ્તારની સાથે લખવામાં આવ્યો છે તદુપરાંત અંગ્રેજી ભણેલાં ધર્મથી અજ્ઞાન નવયુવાનો પરદા વિષે જે શંકાઓ કરે છે તેના સચોટ અકલી અને નકલી દલીલોથી જવાબ આપવામાં આવ્યો છે. એક વાર વાંચી જવાથી ગમે તેવા મોટા પરદાના વિરોધીને પણ એકવાર કાએલ કરી શકો છો માટે જરૂર મંગાવી જોઇએ કીંમત માત્ર ૦—૪—૦

આકાશ ચાલ રદે પૃથ્વિ ચાલ.

ચાલુ સાયન્સવાળા પૃથ્વિ ચાલ સાબિત કરવા માટે કેટલાક દાખલાઓ આપે છે તે દાખલાઓના જવાબો આપી આકાશ ચાલ સાબિત કરવામાં આવી છે. "પીસા ગોરસની" ખગોળ માનનારા આ મંગાવી એકવાર વાંચશો. કીં. ૦—૩—૦.

